# 44

**અબડાસા તાલુકામાં નર્મદાનું સિંચાઈ માટે પાણી આપવા.**

**∗15/4/1353 : શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મોડકુબા નર્મદા કેનાલથી એક્ષટેશન કરીને અબડાસા તાલુકામાં નર્મદાનું સિંચાઇ માટે પાણી આપવા માટે કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, નર્મદાના પૂરના વધારાના એક મીલીયન એકર ફીટ પાણીના વિતરણની યોજનાના ભાગરુપે આયોજન કરેલ છે. |
| (૨) જો હા, તો તે કામગીરી ક્યા તબક્કે છે,<br>(૩) લખપત અને અબડાસા તાલુકાનાં કેટલા ગામોને ઉક્ત સિંચાઇથી લાભ થશે, અને<br>(૪) તેની પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે ? | (૨) (૩) અને (૪)<br>હાલમાં નર્મદાના પૂરના વધારાના પાણીના વિતરણ માટે અંદાજીત રકમ રૂ.૪૧૧૮.૦૦ કરોડની રકમના તબક્કા–૧ અંતર્ગત ત્રણ લીન્કના કામો પ્રગતિ હેઠળ છે. તેમજ અંદાજીત રકમ રૂ.૨૩૦૬.૩૯ કરોડની રકમના તબક્કા–૨ હેઠળ બે લીન્કના કામોના ટેન્ડર મંજુરીના તબક્કે છે.<br>તબક્કા–૨ની કામગીરી અંતર્ગત લખપત તાલુકાના ૯ ગામો અને અબડાસા તાલુકાના ૧૧ ગામોને સિંચાઇનો લાભ મળનાર છે.<br>ઉપર્યુક્ત કામો પૂર્ણ થયેથી પ્રશ્ન હેઠળની કામગીરીનું સર્વેક્ષણ કરીને યોજનાની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

-------------------